સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ જાતિઓ પરત્વે વધુ સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંકઃસશપ/૧૪૨૦૧૨/૪૫૬૮૦૪/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૪/૦૮/૨૦૧૪

**વંચાણે લીધા:**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા.૦૧/૦૪/૧૯૭૮

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૦૨-૧૪૪૪-અ, તા.૬/૬/૨૦૦૫

(૩) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરની તા.૨૬/૬/૨૦૧૨ પત્રક્રમાંક: વિજાક/જન/જાપ્રપ/૧૨-૧૩/૧૨૫૮ માંની દરખાસ્ત

(૪) અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: અપવ/પંચ/અભિપ્રાય તા.૬/૫/૨૦૧૩

**પ્રસ્તાવના:**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રચવામાં આવેલ બક્ષી કમિશનની ભલામણોનો સરકારશ્રીએ વંચાણ (૧) થી સ્વીકાર કર્યો ત્યારે કુલ -૮૨ જાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ. ત્યારબાદ માંડલ કમિશનની ભલામણોના આધારે તથા અન્ય પછાત વર્ગોના પંચની ભલામણોના આધારે આ યાદીમાં વખતોવખત ઉમેરો થતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સંકલીત યાદી વંચાણ (૨) પરના ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ કેટલાક જાતિ/સમુહોની રજુઆત મળેલ કે મુળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીની જાતિના પરંતુ હયાત યાદીના શબ્દો કે શબ્દસમુહમાં યોગ્ય લખાણના અભાવે તેઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવવામાં તકલીફ પડે છે. વંચાણ (૩)

થી નિયામક, વિકસતી જાતિ કલ્યાણએ આ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની પ્રવર્તમાન યાદીમાં સમાવિષ્ટ અમુક જાતિઓ માટે વધારે સ્પષ્ટતા સુચક શબ્દો ઉમેરવા દરખાસ્ત કરેલ, જે અંગે વંચાણ (૪) થી અન્ય પછાત વર્ગોના પંચ ગાંધીનગરનો પણ અભિપ્રાય મળેલ હતો. આમ સમગ્ર બાબત ધ્યાને લેતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાહેર કરેલ યાદીમાં વધુ સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં નીચે જણાવેલા અનુક્રમ નંબર ઉપર સમાવિષ્ટ જાતિઓ સામે સ્પષ્ટતા સૂચક શબ્દો તથા ચિન્હો ઉમેરવા ઠરાવવામાં આવે છે.

| જાતિ ક્રમાંક | હાલની સ્થિતી | ઠરાવેલ સુધારો |
|---|---|---|
| (૨૯-બ) | તરીયા-તાઇ/તરીયા(મુસ્લિમ), તરીયા-તાઇ(મુસ્લિમ) | તરીયા, તાઇ, તરીયા-તાઇ(બધા મુસ્લિમ) |
| (૪૫) | માજોઠી કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ) | માજોઠી કુંભાર, માજોઠી, કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ) |
| (૫૩) | નટ, નટ-બજાણીયા, બાજીગર, નટડા | નટ, બજાણીયા, બાજીગર, નટડા |
| (૭૨) | ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા | ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા |
| (૭૯-અ) | વણઝારા, ચારણ વણઝારા, મથુરા વણઝારા, મારુ વણઝારા, ભગોરા વણઝારા, કાગસીયા વણઝારા, બામણીયા વણઝારા, લાડોનીયા વણઝારા, ગાવરીયા અથવા | વણઝારા, ચારણ વણઝારા, મથુરા વણઝારા, મારુ વણઝારા, ભગોરા વણઝારા, બાગોરા વણઝારા, કાગસીયા વણઝારા, બામણીયા વણઝારા, લાડોનીયા વણઝારા,લદણિયા વણઝારા, ગવારિયા, ગાવરીયા અથવા |

| | | |
|---|---|---|
| | ગાવલીયા રોહિદાસ વણઝારા | ગાવલીયા રોહિદાસ વણઝારા, ગાવલીયા, રોહિદાસ વણઝારા |
| (૮૦-અ) | વાઘરી ગમીચો, વેડવા ચુરાલીયા, જખુડિયા (જ્યાં તેઓ અનુસુચિત જનજાતિના ન હોય) | વાઘરી ગમીચો, વાઘરી ધામેચા, વેડવા ચુરાલીયા, જખુડિયા (જ્યાં તેઓ અનુસુચિત જનજાતિના ન હોય) |
| (૧૦૨) | કારડીયા-નાડોદા, ભાથી રાજપૂત, કારડીયા રાજપૂત, નાડોદા રાજપૂત | કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડીયા રાજપૂત, નાડોદા રાજપૂત |

આ ઠરાવ ઉપર્યુક્ત જાતિ/સમુહોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવામાં પડતી હાલાકી (Hardship) નિવારવા તેમજ જાતિ પ્રમાણપત્ર આપતી વખતે ગેરસમજણ દૂર કરવાના હેતુથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.આર.બ્રહ્મક્ષત્રીય)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, નવાસચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ
- --------

* પત્ર દ્વારા.